સામાજિક અંતર એ એવુ હથિયાર છે જેના વડે આપણે કોરોનાના કહેરથી બચી શકીએ છીએ. ભીડભાડવાળા વિસ્તારોમાં જવાનુ ટાળી અને સામાજિક મેળાવડાઓમાં ભાગ લેવાનુ ટાળી આપણે સામાજિક અંતરનું પાલન સારી રીતે કરી શકીએ છીએ. જો કે સરકારી કચેરીઓ એમાંય ખાસ કરીને અરજદારોની અવરજવર વધુ રહેતી હોય તેવી કચેરીઓમાં સામાજિક અંતરનુ પાલન કરાવવુ તે લોઢાના ચણા ચાવવા સમાન છે તે આ તસવીરમાં જોઈ શકાય છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

પ્રભુ... પૃથ્વીલોકમાં કૌતુક થયું છે આજ્ઞેય તમારા પર થયા અને માફી અંદરો અંદર મંગાય છે...!!

સરકાર પેટ્રોલ-ડિઝલમાં અસહ્ય ભાવ વધારો કરી પ્રજાને લૂંટ કરવાનુ બંધ કરે : જિલ્લા કોંગ્રેસ

માર્ચ ૨૦૨૦ બાદના પેટ્રોલ - ડિઝલ ભાવવધારાને પાછો ખેંચવાની માંગ સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસે કલેકટરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર તા ૨૯

ભાજપ સરકાર પેટ્રોલ ડિઝલના અસહ્ય ભાવવધારો કરીને પ્રજાને લુંટવાનુ બંધ કરે તેવી માંગ સાથે જિલ્લા કોંગ્રેસ પ્રબળ વિરોધની લાગણી વ્યકત કરી છે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસે કલેકટરને આવેદન પત્ર એનાયત કરીને રજુઆત કરી છે.

છેલ્લા ત્રણ મહીનાથી પેટ્રોલ ડિઝલના અસહ્ય ભાવવધારાથી પ્રજા અસહ્ય પીડા અને યાતના સહન કરી રહી છે. દેશ મહામારી વચ્ચે આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. ત્યારે મોદી સરકારે પેટ્રોલ ડિઝલના ભાવમાં એકસાઈઝ ડયુટીમાં વારંવાર વધારો કરીને પ્રજાની હાડમારી નફાખોરી કરી રહી છે. વર્ષ ૨૦૧૪ થી ભાજપ સત્તા પર આવી ત્યારે પેટ્રોલ પરની એકસાઈઝ ડયુટી પ્રતિ લીટર ૯.૨૦ પૈસા અને ડિઝલ પર પ્રતિ લીટર રૂ ૩.૪૬ પ્રતિલીટર હતી. છેલ્લા ૬ વર્ષમાં ભાજપની કેન્દ્ર સરકારે પેટ્રોલ ઉપર રૂ ૨૩.૭૮ પ્રતિ લીટર અને ડિઝલ પર રૂ ૨૮.૩૭ પ્રતિ લીટર એકસાઈઝ ડયુટીનો વધારો કર્યો છે. ડિઝલમાં એકસાઈઝ ડયુટીમાં ૮૨૦ ટકાનો અને પેટ્રોલમાં એકસાઈઝ ડયુટીમાં ૨૫૮ ટકાનો આઘાતજનક વધારો કરવામાં આવ્યો છે. જયારે પેટ્રોલ ડિઝનલના ભાવો અને એકસાઈઝ ડયુટીમાં વધારા દ્વારા જ મોદી સરકારે છેલ્લા ૬ વર્ષમાં રૂ ૧૮૦૦,૦૦૦ કરોડની કમાણી કરી છે.

જયારે લોકડાઉનના સમયગાળા દરમિયાન એકસાઈઝ ડયુટીમાં જે વધારો કરવામાં આવ્યો છે. અને નફાખોરી વધારી દેવામાં આવી છે. તે શોષણનુ સૌથી વરવુ સ્વરૂપ છે. તા ૫ માર્ચના રોજ પેટ્રોલ ડિઝલની કિંમતમાં પ્રતિલીટર રૂ ૩ નો વધારો કરવામાં આવ્યો હતો. જયારે એકસાઈઝ ડયુટીમાં પણ ૫ મેં ના રોજ પેટ્રોલ પર પ્રતિલીટર રૂ ૧૩ અને ડિઝલ પર પ્રતિલીટર રૂ ૧૦ નો વધારો કરાયો હતો. જયારે તા ૭ થી ૨૬ જુન દરમિયાન પેટ્રોલ ડિઝલના ભાવમાં સતત વધારો કરવામાં આવ્યો છે.

જેમાં ડિઝલના ભાવમાં પ્રતિલીટર રૂ ૧૦.૮૦ અને પેટ્રોલના ભાવમાં પ્રતિલીટર ૮.૮૭નો ભાવ વધારો કરાયો છે. પેટ્રોલ ડિઝલનો ભાવ પ્રતિલીટર રૂ ૮૦ ની નજીક છે. જયારે કોંગ્રેસ સરકાર સત્તામાં હતી ત્યારે ક્રુડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૧૦૮ અમેરીકી ડોલર હતો. જયારે તા ૨૪ જુન ૨૦૨૦ના રોજ ઘટીને પ્રતિ બેરલ ૪૩.૨૧ અમેરીકી ડોલર થઈ ગયો છે. જેના ભાવમાં ૬૦ ટકાનો ઘટાડો છે. આમછતા ભાજપ સરકાર પેટ્રોલ ડિઝલના ભાવમાં તોતિંગ વધારો કર્યો છે. કોંગ્રેસે તા ૫ માર્ચ ૨૦૨૦ બાદ પેટ્રોલ ડિઝલના ભાવ વધારા અને તેના પર એકસાઈઝ ડયુટીનો વધારો પાછો ખેંચવા પણ જિલ્લા કોંગ્રેસ સમિતિએ રજુઆતમાં જણાંવ્યુ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં થોડીક ચિંતાની લાગણી જન્મી છે.
- ગુજરાત સરકારના એસ.ટી. નિગમે વિવિધ ડેપોમાં આવેલા સ્ટોર્સના માલિકો પાસે હવે ભાડાની ઉઘરાણી શરૂ કરી છે પરંતુ આ સ્ટોર્સ માલિકોએ કર્ણાટકની ભાજપ સરકારના પરિપત્રને ટાંકી લોકડાઉનના સમયગાળાના ભાડામાં રાહત આપવા માંગ કરી છે.
- ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા બસભાડાના દરમાં વધારો કરવા અંગેની દરખાસ્ત તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. લોકડાઉન અને ડિઝલનો ભાવ વધારો નિગમ માટે ખોટનો ખાડો પુરવાર થયો છે.
- ગાંધીનગર શહેરમાં માસ્ક પહેર્યા વગર ફરતા લોકો પાસેથી દંડ વસુલવાની કામગીરી પોલીસતંત્રે સઘન રીતે હાથ ધરેલ છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટની ફરિયાદોનું પ્રમાણ વધવા પામ્યુ છે.
- ગાંધીનગરના પૂર્વ કલેકટર એસ.કે. લાંગાને સુરત મનપામાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે ૧ વર્ષ માટે કરાર આધારિત નિમણુંક આપવા હુકમો સરકારે કર્યા છે.

માસ્ક પહેરવાના નિયમની ચુસ્ત અમલવારી કરવા ડીડીઓની તાકિદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાના તાલુકા વિકાસ અધિકારીઓને દરેક ગામમાં માસ્ક પહેરવાના નિયમનું ચુસ્તપણે અમલ થાય તેની ખાસ તકેદારી રાખવા માટેની સૂચના જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને આપી છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ વધતું જાય છે. કોરોના વાયરસનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તાર અટકાવવાના ભાગ રૂપે જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાને તમામ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને દરેક ગ્રામ્ય વિસ્તારમાં સરકારશ્રીની સૂચના અનુસાર માસ્ક પહેરવાના નિયમનો ચુસ્ત અમલ થાય તેની ખાસ તકેદારી રાખવા જણાવ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ તાલુકા વિકાસ અધિકારીઓને માસ્ક પહેરવાના નિયમનો ચુસ્ત અમલ થાય તે માટે તલાટીઓને ખાસ સૂચના આપવા જણાવ્યું છે. તેમજ માસ્ક ન પહેરનાર પાસેથી રૂપિયા ૨૧૦/- દંડ પેટે વસૂલવા જણાવ્યું છે. જેમાંથી ૨૦૦/- દંડ પેટે તથા રૂ. ૧૦/- આપેલ માસ્કના લેવા જણાવ્યું છે. તેમજ તમામ તાલુકામાં આ અંગેની એક ટીમ બનાવવા માટે પણ તેમણે જણાવ્યું છે. તેમજ દંડ લેવામાં આવે તેની વિગતોનું દર અઠવાડિયાએ યાદી મોકલી આપવા પણ ખાસ સૂચના આપી છે.

ગાંધીનગર એક ''સ્માર્ટ'' સીટી બનવા તરફ આગળ વધી રહ્યું છે જેના પગલે શહેરમાં અનેક વિકાસ કાર્યો પુરજોશમાં ચાલી રહ્યાં છે. જો કે આ વિકાસ કાર્યોના પાયામાં પોતાની જાતને નીચોવીને ભર તડકે પરસેવે રેબઝેબ થઈ કામ કરતો શ્રમિક પોતાનો પરસેવો રેડે છે અને મસ મોટી ઈમારતો કે બાંધકામોનું નિર્માણ કરે છે તેના નસીબમાં માથે એક પાકી છતનું પોતાનું મકાન પણ જીવનભર નસીબ થતું નથી. આ શ્રમિકના પરિવારના બાળકો પણ જાણે આ બાંધકામ સાઈટ પર જ રમીને મોટા થવા સાથે જીવનમાં ઝઝુમવાના ગુણો આત્મસાત કરતા શીખી જાય છે, તે માટે તેમને કોઈ પાઠશાળામાં જવુ પડતુ નથી અને પોતાના આ પરિવારને જોઈ પેલો શ્રમજીવી પણ મનોમન વિચારતો રહે છે કે

''ન બન સકા મુઝસે એક ઘર ખુદા,
પતા નહી તુને પુરા જહાં કૈસે બના દીયા ?''

(આ તસવીર ઘ-૪ અન્ડરપાસની કામગીરી ચાલી રહી છે તે સાઈટની છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૦મીએ

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૨૦મી જુલાઈના રોજ પંચાયતના સરદાર હોલમાં મળશે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ(ચૌધરી)ના અધ્યક્ષપદે આ સામાન્ય સભા બપોરે બે વાગે મળશે. સામાન્ય સભાનો એજન્ડા તૈયાર કરી એકાદ દિવસમાં સભ્યોને રવાના કરાશે.

સામાન્ય સભા પંચાયતની સામાન્ય ચૂંટણી પૂર્વેની અંતિમ સામાન્ય સભા બનશે. આ બેઠકમાં વિવિધ સમિતિઓની મળેલી બેઠકોની કાર્યવાહી નોંધને બહાલ રાખવા ઉપરાંત કોરોનાની સ્થિતિ તેમજ જિલ્લામાં વિકાસના કામો અંગે ચર્ચા કરવામાં આવી શકે છે. માર્ચ મહિનામાં જિલ્લા પંચાયતની બેઠક મળી હતી. ૪ મહિના પછી આ બેઠક મળી રહી છે. સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા સાથે આ બેઠક ખુલ્લામાં મળશે કે હોલમાં તે અંગેનો નિર્ણય યોગ્ય સમયે લેવાશે.

કલેક્ટર કચેરીમાં માસ્ક વિના ફરતા ૧૫ને મનપાએ ઝડપ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે માસ્ક પહેર્યા વિના ફરતા ૧૫ જેટલા લોકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં આજે મનપાની ટીમને મળેલ ફરિયાદને આધારે ત્રાટકી હતી અને કલેક્ટર કચેરીના ચાર માળ પર ફરી ૧૫ જેટલી વ્યક્તીઓ માસ્ક પહેર્યા વિનાના જણાતાં તેમની પાસેથી રૂ. ૩ હજાર જેટલો દંડ વસુલવામાં આવ્યો હતો.

રાજય સરકારે માસ્ક પહેરવાનું ફરજીયાત કરતા આદેશો બહાર પાડ્યા છે. મળતી વિગતો પ્રમાણે આજે પકડાયેલા લોકોમાં કેટલાક કલેક્ટર કચેરીના કર્મચારી હોવાની વાતો પણ બહાર આવી છે.

શહેર અને જિલ્લામાં માસ્ક પહેરવાને લઈ પોલીસતંત્રએ પણ સઘન અભિયાન હાથ ધર્યું છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે રૂ. ૪ લાખથી વધુનો દંડ અત્યાર સુધીમાં વસુલવામાં આવ્યો છે.

સરકારના આદેશોનું પાલન સરકારની કચેરીઓમાં થતુ ન હોવાની વાતને લઈ ગ્રામીણ પ્રજાને જ દંડ કેમ કરવામાં આવે છે તેવી ચર્ચા પણ જાગી છે.

સોશિયલ ડિસ્ટન્સીંગ ભાજપ-કોંગ્રેસના કાર્યક્રમોમાં નહિ જળવાતુ હોવાની વાતો બાદ હવે સરકારી કચેરીઓમાં માસ્ક વિના ફરતા લોકોની વાત પણ બહાર આવી છે.

સે-૫/એ અને ધોળાકુવાના ૫૪ ઘરોના કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના સેકટર- ૫/એ ની ચાર ઘરોની વસ્તી અને ધોળાકુવા ગામના દંતાલીવાસના ૫૦ ઘરોની વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કેન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનરએ એક જાહેરનામું બહાર પાડી જાહેર કર્યો છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર શ્રી ડા. રતનકંવર ગઢવીચારણે જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા મહામારી જાહેર કરવામાં આવી છે. ભારતમાં પણ કોવિડ- ૧૯ના કેસો નોંધાયેલ છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકારના સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ આપવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યને લેતાં ગાંધીનગર મહાગનરપાલિકાના સેકટર-૫ અને ધોળાકુવા વિસ્તારમાં કોરોના વાયરસનો પોઝિટીવ કેસ નોંધાયા છે. જેથી કોરોના વાઈરસના સંક્રમણના ફેલાવાની શકયાતાઓ સોશિયલ ડિસ્ટન્સીંગના અભાવે વધી રહેલ છે.

ગાંધીનગરના સેકટર-૫/એમાં આવેલા પ્લોટ નંબર – ૧૯૨/૨, ૧૯૩/૧, ૨૦૪/૧, ૨૦૪/૨ ને આવરી લેતા અંદાજીત ૪ ઘરોમાં રહેતા ૧૮ જેટલી વસ્તી ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમજ ધોળાકુવા ગામાં રામદેવપીર મંદિર પાસે આવેલા દંતાણી વાસમાં અંદાજીત ૫૦ ઘરોમાં ૨૩૭ વ્યક્તિઓ ધરાવતા સમગ્ર વિસ્તારને કન્ટેન્ટમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગીયોડ ગામેથી છ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક આવેલા ગીયોડ ગામમાંથી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૦,૭૦૦ રોકડા અને ૫ મોબાઈલ મળી કુલ રૂ.૨૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસે બાતમીને આધારે ગીયોડ થી વાસણા ચૌધરી તરફ જતા માર્ગ પર ખુલ્લામાં રમતા જુગાર પર પોલીસે રેઈડ પાડી હતી. જેમાં ગીયોડ ગામના જીતેન્દ્રકુમાર લક્ષ્મણજી ટાકોર, રાજેન્દ્રસિંહ ઉદેસિંહ ઠાકોર, નરેશ ચતુરભાઈ ઠાકોર, શીવાભાઈ વેચાભાઈ પટેલ, જશવંતસિંહ ભીખાજી ઠાકોર અને દોલારાણા વાસણા બોરીયાનો રમેશજી મથુરજી મકવાણા જુગાર રમતા રંગેહાથ પકડાયા હતા.

પોલીસને જોઈ જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળી ને કુલ રૂ.૧૦,૭૦૦ અને ૫ મોબાઈલ મળી કુલ રૂ. ૨૩,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કલોલ ઓળા જવાના માર્ગ પરથી

ચોખાની આડમાં લઈ જવાતો ૫૭૮ પેટી દારુ એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલસીબી પોલીસે કલોલ વિસ્તારમાંથી સોમવારના રોજ છત્રાલ હાઈ-વે પર અમરિત હોટલથી ઓળા જવાના માર્ગ પરથી પોલીસે દારૂ ભરેલી ટ્રક પકડી પાડી હતી. પોલીસે ટ્રકનો પીછો કરી ચોખાની આડમાં લઈ જવાતો ૭૦૨૦ દારૂની બોટલ પકડી પાડી છે. પોલીસે ટ્રક, દારૂ, ચોખા, મોબાઈલ સહિત કુલ રૂ. ૪૫,૨૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગત મુજબ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની સુચનાને પગલે પોલીસ તંત્ર પ્રોહિબિશનની પ્રવૃતિ ડામવા સક્રિય છે. ત્યારે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમે કલોલ નજીક ઓળા જવાના માર્ગ પરથી દારૂ ભરેલી ટ્રક પકડી પાડી છે. એલસીબીને બાતમી મળી હતી કે ટ્રક નં. આર. જે. ૧૯. જી. બી. ૯૩૫૦ માં વિદેશી દારુ મહેસાણા થી અમદાવાદ તરફ જઈ રહ્યો છે. જેને પગલે પોલીસે છાત્રાલ હાઈ વે પર અમરિત હોટલ પાસે આડશ કરી બાતમીવાળો ટ્રક રોકવાની પ્રયત્ન કર્યો હતો પરંતુ ટ્રક ચાલકે પોતાનો ટ્રક ઓળા ચોકડી તરફ જવાના માર્ગ પર હંકારી દીધો હતો. જેથી પોલીસે ટ્રકનો પીછો કરી આગળ જઈને ટ્રક ઉભી રખાવી દીધી હતી. પોલીસે ટ્રકમાં તપાસ કરતા ચોખાના કટ્ટા નજરે પડ્યા હતા. ચોખાના કટ્ટા હટાવીને ચેક કરતા તેમાંથી ૫૭૮ પેટી દારુની મળી આવી હતી. પોલીસે ચોખાના ૫૦ કિલોના ૧૧૦ કોથળા કિં.રૂ.૧૬,૫૦૦, ટ્રક કિં.૧૦ લાખ, એક મોબાઈલ રૂ.૩૦૦૦ અને ૭૦૨૦ બોટલ કિં.રૂ.૩૫.૧૦ લાખ મળીને કુલ રૂ. ૪૫,૨૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રક ચાલક મગ્ગારામ આસુરામ જાટ (ઉ.૪૦ શેટરાઉ, બાડમેર)ની ધરપકડ કરી હતી. જયારે દારુ અંગે પુછતા તેણે કાલુ બિશ્નોઈ તેમજ દલપતસિંહ ઉર્ફે ડી.એસ. (રહે.બંન્ને સાચોર) ના કહેવાથી હરીયાણાના ઈલનાબાદથી ટ્રક લીધો હતો. જેથી એલસીબી-૨ એ ત્રણેય આરોપીઓ સામે કલોલ તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ બોરીસણા પાસેથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

અમદાવાદના બોપલ વિસ્તારમાંથી ચોરી થયેલા બાઈક સાથે યુવકને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. એલસીબી પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમની ટીમના જવાનો સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે સમયે બાતમીને આધારે કલોલ બોરીસણા ગરનાળા પાસે થી મહેશ ઉર્ફે મઈલો ગાભાજી ઠાકોર (ઉ.૨૪ રૂપાવટી ગામ, સાણંદ)ને પકડીને તેની પાસેથી નંબર વિનાનું પલ્સર બાઈક મળી આવ્યું હતું. પોલીસે બાઈકના જરુરી આધાર-પુરાવા માંગતા તે યોગ્ય જવાબ આપી શકયો ન હતો. જેથી તેની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા મહેશે જાતે રૂપાવટી ગામમાં દેશી દારુનુ વેચાણ કરતો હોવાનું જણાવ્યું હતું. તેને ત્યાં દારુ પીવા માટે આવતા રાકેશ નામના શખ્સે બાઈક આપ્યું હોવાનું આરોપીએ જણાવ્યું હતું. જેથી પોલીસે તપાસ કરતા બાઈકનો નંબર જી.જે.૦૧. એલ.યુ.-૬૯૫૬ હોવાનું ધ્યાને આવ્યું હતું. બાઈક ચોરી અંગે બોપલ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

ઘરમાં રહો સુરક્ષિત રહો